બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

Moon sighting only from`` East ?!

# શું સ્થાનિક સ્થળે ચંદ્રની દૂરની શરઈ સાબિતી ઉપર અમલ કરવા માટે ''બિનશરઈ ખગોળીય હિસાબ પ્રમાણેની ફકત તેની પૂર્વીય દિશાની ખબર ઉપર જ આધાર રાખી અમલ કરી શકાય છે ? અથવા નુસૂસ પ્રમાણે સ્થાનિક સ્થળે દૂરના પ્રદેશ અને વિશ્વભરની પૂર્વીય અથવા પશ્ચિમી દિશાએથી કે દક્ષિણમાંથી કોઈપણ દિશા કે ઠેકાણેથી ''ચંદ્રની શરઈ સાબિતી''ની ખબર ઉપર અમલ કરવામાં આવશે?

આ વાત હવે સામાન્ય જનતાથી પણ ગુપ્ત નથી રહી કે, તે લોકો જેઓ સ્પષ્ટ અને ખુલ્લા શબ્દોમાં ''રૂયતે હિલાલ'' (ચંદ્ર દર્શન) વિશેની પોતાની વિચારસરણીને ખગોળીય હિસાબ–કિતાબ ઉપર આધારિત બતાવી સરેઆમ જાહેરાત પણ કરે છે, તે સુન્નતે રસૂલ (સ.અ.વ.)ને સજીવન કરવાના દા'વેદારોએ અત્યાર સુધી શીઆઓના ''તકીયહ''ની જેમ જ મુત્સદીગીરીનું વલણ અપનાવીને''ઇસ્લામ તથા સુન્નતને સજીવન કરવાના નામ ઉપર'' સામાન્ય જનતાને અંધારામાં રાખીને ચંદ્રની સાબિતીના દીની–શરઈ હુકમોના નુસૂસ અને સુન્નત તથા સહાબએ કિરામ (રદિ.)ની નીતિરીતિ તથા મુફતીયાને કિરામના તે નિવેદનો અને વળી નિષ્ણાતોના તે અનુભવો કે જે પોતે આ ખગોળીય પદ્ધતિના વિરુદ્ધ હોવાનું સ્પષ્ટ અને સાબિત થવાનું સ્વીકારવા ઉપર હવે મજબૂર થઈ ગયા છે. તેઓ હવે ખુલીને ખગોળીય હિસાબોને ''પાયો માનવાનો આખરે સ્વીકાર કરીજ લીધો !'' જેમકે, દીન–બ–દીન પ્રચાર માધ્યમો અને વેબસાઈટમાં તેમના તરફથી ખુલીને નિવેદનબાજીઓ થઈ રહી છે. એ જ પ્રમાણે તેઓ દીની ઈલ્મ, અને દેવબંદિયતની સનદનો ઉપયોગ કરીને ન જ ફક્ત નુસૂસ અને સુન્નતે રસૂલ (સ.અ.વ.) તથા ઈસ્લામને બલકે, દેવબંદિયત અને ખુદ પોતાની જાતને પણ જગતમાં હાસ્યાસ્પદ બનાવવાનું ખુલ્લમ–ખુલ્લુ પ્રદર્શન કરી રહ્યા છે.

શું મુસલમાન વિશેષરૂપે ઉલમાએ દીન એટલા બધા મૂર્ખ છે કે, તેમની આવી વાતોનો કુર્આન અને હદીષ તથા સુન્નતે નબી (સ.અ.વ.) માની લેશે ?! કદાપિ નહીં ! જ્યારે કે, આ વાતોનો રદિયો તો પોતે સાહિબે શરીઅત (સ.અ.વ.)એ ઈસ્લામની શરૂઆતના પ્રથમ દિવસોમાં જ કરી આપ્યો છે, જેની વિગત વાચકો સામે અમારી કિતાબો અને લખાણોમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડીયા (www.hizbululama.org.uk)માં ઈસ્લામના નામ ઉપર આવા ધોકેબાજોના જવાબમાં પડકારના સ્વરૂપે ઉપસ્થિત છે.

આ પ્રકારની હરકતો કરનારાઓનો દાખલો એવો છે, જેમકે કોઈ વ્યક્તિ દુર્ગંધયુક્ત વસ્તુને સોના–ચાંદીના વરકમાં ખૂશ્બુ લગાવીને કોઈની સામે રજુ કરે, તો સામેવાળો થોડીવાર માટે તો તેને વાસ્તવિક સુગંધ સમજીને ખુશ થઈ જાયછે , પરંતુ જ્યારે તેને ખોલશે (અને તહકીક કરશે), તો તેની

દુર્ગંધથી સુગ અનુભવે છે અને તેને એવું દૂર ફેંકી દે છે કે, ક્યાંક અન્ય કોઈ તેને અસલી સુગંધ સમજીને ફરી એકવાર ઉઠાવી ન લે. આ જ ઉદાહરણ કુફ્ર અને શિર્કનું છે અને આ જ ઉદાહરણ દીનમાં કુર્આન અને સુન્નત તથા સાહિબે શરીઅત (સ.અ.વ.)ના હુકમો અને મરજી વિરુદ્ધ ખગોળીય હિસાબોને સ્પષ્ટ શબ્દોમાં કહેવાને બદલે ધોકાબાજીથી ઈસ્લામમાં દાખલ કરવાની કોશીશનું છે.

જે લોકો ખુલ્લમ–ખુલ્લા કહે અને લખે છે કે, ‘‘અમારી તહકીક ખગોળીય હિસાબોના ન્યુ મૂન ઉપર આધારિત છે.’’ આ કુર્આન અને અહાદિષ નથી, તેનાથી વિપરીત વારંવાર આ લોકો કૌમને એક રીતે તો પોતાના જૂઠને મનાવવા માટે મુફતીયાને કિરામનો દુરુપયોગ કરીને ધોકો આપી રહ્યા છે કે, ‘‘અમે પણ ચંદ્ર દર્શન (રૂયતે હિલાલ)નું જ કહીએ છીએ અને રૂયત તથા ચંદ્રની સાબિતીમાં અવકાશી ન્યુ મૂનના ખગોળીય હિસાબોને કદાપિ આધાર નથી માનતા પરંતુ સાથે જ તેઓ ન જ ફક્ત ''અવકાશી ન્યુ મૂનના હિસાબો ઉપર આધારિત મહિનાભરમાં દરરોજના ચાંદની સ્થિતિ ઉપર આધારિત ઈન્ટરનેટ અવકાશી ગ્રાફ'' અને ખગોળીય અવકાશી હિસાબોના ''ચંદ્ર દર્શનની સંભવના ઉપર આધારિત નકશાઓ''ને ખુબ નફ્ફટાઈ પૂર્વક વેબસાઈટ લખાણો અને ટીવિમાં હાથોથીજકડી લોકોને દેખાડે પણ છે કે, ગ્રિનીચ ઓબ્ઝરવેટરી અથવા બીજા હિસાબો પ્રમાણે કયા મહિનાનો ''નક્કી'' નવા ચાંદની કઈ તારીખને દુનિયામાં કયા–કયા સ્થળે જોવાની સંભાવના છે અને ક્યાં નથી ?

આ પોતાના દા'વા (કે ખગોળીય હિસાબો અમારો આધાર નથી) તે છતાં સામાન્ય મુસલમાનોને પ્રસ્તુત વાતોની જેમ આ પણ ઠસાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે કે, ''સ્થાનિક કક્ષાએ ફક્ત પૂર્વ દિશા તરફથી આવનાર ખબર ઉપરજ અમલ કરી શકાય છે'' અને દલીલમાં રસૂલે કરીમ (સ.અ.વ.)ના સહાબી હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ઉપર તોહમત લગાવવાની હિંમત પણ કરે છે કે, તેમણે મશહૂર તાબઈ હઝરત કુરયબ (રહ.)ની દમાસ્કસવાળી રમઝાનની ગવાહીને એટલા માટે કબૂલ ન કરી કે, દમાસ્કસ મદીના શરીફની પૂર્વ દિશાએ નથી ! હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ઉપર આ લોકો વાહિયાત આક્ષેપ લગાવી લોકોને ઠસાવેછે કે, સહાબા ન ફક્ત ખગોળીય હિસાબો ઉપર અમલ કરતા હતા બલકે, અવકાશી હિસાબો ઉપર આધારિત સ્થાનિક કક્ષાએ આજના પૂર્વની રૂયત (ચંદ્ર દર્શન)ની ખબર માટે ભરોસાપાત્ર હોવાનો ત્યારથી જ અમલ કરતા હતા. નઊઝુબિલ્લાહ !

એક બાજુ આ લોકો દીની જ્ઞાન અને દેવબંદિયતની સનદ ઉઠાવીને એવું કહેતા–લખતા થાકતા નથી કે, અમે ખગોળીય હિસાબોને આધાર નથી માનતા અને સાથે જ પ્રસ્તુત વાતો ઉપરાંત પૂર્વની ખબર ઉપર જ અમલ કરવાનું કહીને દલીલમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતને તેના મૂળ કારણોથી હટીને રજુ કરી અયોગ્ય રીતે ચર્ચામાં મિલાવટ કરી રહ્યા છે.

શું ઉલમાએ દીન ખાસ કરીને બ્રિટનના ઉલમા અને તેમાંય વિશેષરૂપે દેવબંદીઓમાં બધા એટલા દિમાગના ખાલી લોકો છે ? કે, તેઓને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) તરફથી આ કબૂલ ન કરવાના કારણો (જેનું વર્ણન ફિક્હની કિતાબોમાં મૌજૂદ છે)તેનીતેમનામાંથી કોઈને પણ જાણ નથી ?! અને શું તેઓ એવી ઝંઝટમાં પડતા નથી ? કે, લોકોને બતાવે કે, ફુક્હાએ તેના જે ખુલાસાઓ કર્યા છે, તેમાં ક્યાંય ગુપ્ત ખાનામાં પણ આ ''પૂર્વ દિશાવાળા કારણ''નું નામો–નિશાન સુદ્ધાં નથી ?

સહાબા અને અવકાશી હિસાબો ઉપર અમલ ?! લા–હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા....શું બ્રિટનના ઉલમાઓની અક્કલ અને દિમાગમાં એટલો ફુતૂર પૈદા થઈ ગયો છે કે, તેમને કંઈ જ ખબર નથી ? ફક્ત આ લોકો જે કંઈ કહેશે બધા તેના ઉપર જ સહમત થઈને કહી આપશે કે જેઓ આ કહેવાતા અવકાશની ગણતરીવાળા ખગોળશાસ્ત્રીઓ અને તેમના ચેલાઓ કહેશે ?!

ચૌદસો સદી વીતી ચૂકી, આજ સુધી કોઈએ આટલી મોટી તોહમત સહાબએ કિરામ ઉપર ખાસ કરીને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ ઉપર લગાવવાની હિંમત નથી કરી કે, જે પ્રમાણેની હિંમત આ લોકો સુન્નતે રસૂલ (સ.અ.વ.)ને જીવંત કરવાના નામ ઉપર તેને મિટાવવાની તેહરીક દ્વારા કરી રહ્યા છે. અલ્લાહ નફ્સના ધોકાથી બચાવે અને બુરા અમલથી હિફાઝત ફરમાવે. આમીન.

ફુક્હાએ તો હદીષ صوموا لرؤيته وفطروا لرؤيته ના સંદર્ભમાં આ બંને શબ્દોના અર્થો અને ભાવાર્થોને સ્થાનિક રૂયત ઉપર અવલંબિત કરવાના બદલે ચારેય દિશાઓ (પૂર્વ–પશ્ચિમ–ઉત્તર –દક્ષિણ) ઉપર આધારિત બતાવી છે અને તેના ઉપર તફસીર, હદીષો તથા ફિક્હની આજ સુધીની કિતાબો, તથા અહલે સુન્નત વલ જમાઅતના ફતાવાઓ, ખાસ કરીને દેવબંદી–બરેલ્વી મસ્લક બધા જ ગવાહ છે. ઉલમાએ દીન અને સામાન્ય જનતાએ દીનની હિફાઝતમાં આવા ધોકા અને ષડયંત્રોમાં આવી તેમના હાથ–પગ બનવાથી પોતાને સુરક્ષિત રાખવા જોઈએ.

(હઝરત મુફતી કિફાયતુલ્લાહ સા. રહ.એ ફરમાવ્યું છે),

صوموا الرؤيته નું સંબોધન જાહેર છે. બધા જ અનુયાયીઓ તેમાં સામેલ છે. પછી જો જેમને સંબોધન કરવામાં આવ્યું છે, તેમના જ માટે થયું હોવાનું માનવામાં આવે અને અર્થ આ હોય કે, જે જુએ તે જ રોઝો રાખે, તો તેમાં આ ખરાબી છે કે, ઘણા બધા મુસલમાનો પણ રોઝાથી બચી જશે, જેમને શહેરમાં રહેવા અને શહેરમાં ચંદ્ર દેખાયો હોવા છતાં પણ ચાંદ નથી દેખાયો. જ્યારે કે, આ સામૂહિક રીતે ઈજ્માઅ્થી બાતિલ બાબત છે કે, જે પોતાની આંખથી ચાંદ ન જુએ, તે રોઝો ન રાખે. બસ, સંજોગવસાત્ ચંદ્ર વિશે જેને સંબોધન થયું છે, તેનો અર્થ પણ જાહેર લેવો પડશે કે, કોઈ જોનારાના જોવા ઉપર રોઝો રાખો. ભલે, તે પૂર્વમાં હોય કે પશ્ચિમમાં. જ્યારે ચંદ્ર જોયાની સાબિતી થઈ જાય કે, કોઈએ ચાંદ જોયો છે, ભલે ગમે ત્યાં જોયો હોય બધા જ અનુયાયીઓ ઉપર રોઝો ફરજ થઈ ગયો.

આ હદીષમાં જેમકે, રૂયતનો કર્તા ઉપસ્થિત નથી, એ જ પ્રમાણે "રૂયતની સંભાવના" પણ ઉપસ્થિત નથી. એટલા માટે તે પણ જાહેર છે કે, ગમે ત્યાં જોવામાં આવે. ફક્ત આ બાબતની આવશ્યકતા છે કે, ચંદ્રનું જોવું સાબિત થઈ જાય અને સાબિતીની પદ્ધતિ "શહાદતે શરઈ" છે. જે રમઝાન માટે એક વ્યક્તિ પણ પૂરતો છે અને ઈદ માટે બે વ્યક્તિઓ જરૂરી છે. આ જ્યારે કે, ક્ષિતિજ સાફ અને સ્વચ્છ ન હોય, વાદળો કે ધૂળ વગેરે હોય અને ક્ષિતિજ સાફ હોવાના સ્વરૂપમાં ઈદ અને રમઝાન બંને માટે મોટા સમૂહની શરત છે........

(હવે કુરયબ રદિ.ની હદીષના હવાલાથી ફુક્હાઓએ જે કારણો વર્ણન કર્યા, તેમાં મુફતી સાહેબ શું લખે તે પણ વાંચો.)

(ઉપરથી ચાલું)........ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની ઘટના કે તેમણે રૂયતની

ખબરનો સ્વીકાર ન કર્યો. આ હનફીઓના વિરુદ્ધ બાબત નથી કે, (૧) પ્રથમ તો શરીઅતના કાયદા પ્રમાણે શહાદત નથી થતી. (૨) બીજું આ કે, જ્યાં સુધી તે ઈમામની સામે રજુ નથી થતા અને ઈમામ હુકમ નથી કરતા, ત્યાં સુધી ઈબ્ને અબ્બાસ (રદિ.)નું આ ફરમાવવું فلا نزال نصوم حتیٰ نراہ او نکمل ثلثین یوما બિલકુલ સાચું છે. કારણ કે, હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) તેના જ જવાબદાર હતા અને જો કે, એક વ્યક્તિની ગવાહી આધારભૂત છે. પરંતુ જ્યારે કે, તે ઈમામની સામે રજુ થાય અને તે ઈમામ તેની ગવાહી કબૂલ કરીને હુકમ આપી દે અને આ વાત હજુ સુધી બની ન હતી, જ્યારે કે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની સામે હઝરત કુરયબ (રદિ.) વર્ણન કરી રહ્યા હતા. (૩) તદુપરાંત શરીઅતમાં કોઈ સીમા આ ઘટનાની નક્કી નથી કરવામાં આવી કે, કેટલા અંતરની રૂયત (ચંદ્ર દર્શન)ભરોસાપાત્ર છે અને કેટલા અંતરની ભરોસાપાત્ર નથી. જો અંતર એટલું હોય, જેથી તેની રૂયત નો ભરોસો ન થતો હોય, તો આવશ્યક હતું કે, તેને વર્ણન કરવામાં આવ્યું હોય. ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી શબ્દ لا (લા) અને ھٰکذا امرنا ના સિવાય કંઈ જ સાબિત નથી થતું અને આ તેના માટે પૂરતું નથી કે, અંતરની કોઈ સીમા નક્કી કરી શકાય અને જો આમ જ છોડી દેવામાં આવે, તો જરૂરી થાય છે કે, બે–ત્રણ કોસના અંતર ઉપરની રૂયત પણ આધારભૂત ન થાય અને આ સખત ખોટી વાત છે. (મતલબ કે, રૂયત માટે અંતર કોઈ આધારભૂત કારણ નથી, કોઈપણ ઠેકાણે જોયેલી રૂયત માન્ય છે).

મુફતી મુહમ્મદ કિફાયતુલ્લાહ અફઅન્હુ મૌલાહુ, સુનેહરી મસ્જિદ, દિલ્હી

(કિફાયતુલ મુફતી, જિલ્દ : ૪, પેજ : ૨૧૩)

આ વિષયથી જાણ થાય છે કે, દીને ઈસ્લામમાં ચાંદની તારીખ ને ચંદ્ર દર્શન તથા એની સાબિતીમાં આપ (સ.અ.વ.)ના ફરમાનમાં સ્થાનિક કક્ષાએ ચાંદની રૂયત(દર્શન)નું તેની પૂર્વ દિશાએ થીજ હોવાના વર્ણનનું ક્યાંય નામો–નિશાન નથી. બલકે, આ એક ગૈરદીની અને આપ (સ.અ.વ.) તથા ઈસ્લામ વિરોધી યહૂદી તથા નસારાની પોતાની તારીખ નક્કી કરવાની પદ્ધતિ છે, જેને આપ (સ.અ.વ.)એ રદ કરી દીધી છે અને જેનો દીને ઈસ્લામ અને ચાંદની સાબિતીના હુકમો સાથે સ્નાન સૂતકનોય સંબંધ નથી.

વમા અલયના..... રમઝાનુલ મુબારક ૧૪૩૦ હિજરી